## ગુજરાત યુનિવર્સિટીના જુના કોમ્પ્યુટર, પ્રિન્ટર તથા અન્ય બિનઉપયોગી માલસામાનના નિકાલ અંગેનું ટેન્ડર ( offline )

### <u>ટેન્ડરની શરતો</u>

1. ટેન્ડર ફોર્મ ગુજરાત યુનિવર્સિટીની વેબસાઇટ www.gujaratuniversity.ac.in પરથી ડાઉનલોડ કરી શકાશે.
2. ટેન્ડર ફોર્મની કિંમત રૂ.1,000/- અંકે રૂપિયા એક હજાર છે. જે પરત ન આપવાની શરતે "The Registrar Gujarat University" અમદાવાદના નામે ડિમાન્ડ ડ્રાફ્ટ ભરેલ ટેન્ડર ફોર્મ સાથે જમા કરાવવાનો રહેશે. ટેન્ડર ફી ભર્યા વગરના ટેન્ડર રદ ગણવામાં આવશે.
3. અર્નેસ્ટ મની ડિપોઝીટ રૂ. 25,000/- અંકે રૂપિયા પચીસ હજાર છે જે અંગેનો ડિમાન્ડ ડ્રાફ્ટ ભરેલ ટેન્ડર ફોર્મ સાથે જમા કરાવવાનો રહેશે. EMD ભર્યા વગરના ટેન્ડર રદ ગણવામાં આવશે.
4. ભરેલ ટેન્ડર જમા કરવાની છેલ્લી તા.૧૬-૦૧-૨૦૨૫ સમય સાંજે 5:00 વાગ્યા સુધીમાં યુનિવર્સિટી કાર્યાલય રૂમ નં.38 માં સ્વીકારવામાં આવશે મોડા આવેલ ટેન્ડર રદ ગણવામાં આવશે.
5. ટેન્ડર સીલ કરી આપવાના રહેશે. સીલ કર્યા વગરના ટેન્ડર રદ ગણવામાં આવશે. ટેન્ડરના કવર ઉપર "ગુજરાત યુનિવર્સિટીના જુના કોમ્પ્યુટર, પ્રિન્ટર તથા અન્ય બિનઉપયોગી માલસામાનના નિકાલ અંગેનું ટેન્ડર" એમ સ્પષ્ટ મોટા અક્ષરે લખવાનું રહેશે.
6. ટેન્ડર ખોલવાની તારીખ:૧૭ -૦૧-૨૦૨૫ સમય બપોરે ૧૨:૩૦ વાગ્યાનો રહેશે.
7. ઓફરમાં મુકેલ માલસામાન શનિવાર, રવિવાર તેમજ જાહેર રજાના દિવસ સિવાય સવારે 10.30 થી સાંજે 5.30 સુધીમાં જોવા મળશે. તેમજ આ અંગે યુનિવર્સિટી કાર્યાલય રૂમ નં 1 એસ્ટેટ વિભાગ ફોન નં. 263013333 અથવા Workshop માઇક્રોબાયોલોજીની સામે, ફોન નં. 26303252 પર સંપર્ક કરવો.
8. માલસામાનના નિરિક્ષણ બાદ ભાવપત્રકમાં લોટ મુજબ ભાવ ભરવાનો રહેશે. આંશિક લોટની માંગણી ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.
9. **<u>બીડર પાસે GPCB કે CPCB ના E-Wasteના માન્ય recycler અંગેનુ રજીસ્ટ્રેશન હોવું જરૂરી છે. ટેન્ડર સાથે રજીસ્ટ્રેશનની નકલ જોડવાની રહેશે. રજીસ્ટ્રેશન વગરના બીડરનુ ટેન્ડર રદ ગણવામા આવશે.</u>**

10. માલસામાન જ્યા છે ત્યા અને તે સ્થિતિમાં જ આપવામાં આવશે.

11. જે બિડરના ભાવ H1 હશે તેનું ટેન્ડર મંજુર કરવામાં આવશે.

12. માલસામાન ઉપાડવા માટે જરૂરી સાધનો તેમજ લેબર, વાહન તથા તેના ખર્ચ અંગેની જવાબદારી ટેન્ડરરની રહેશે.

13. જે ટેન્ડરરની ઓફર સ્વીકારવામાં આવશે. તેમની અથવા તેઓના જવાબદાર વ્યક્તિની હાજરીમાં તેમજ યુનિવર્સિટીના પ્રતિનિધિની હાજરીમાં તેમજ ઓફિસ સમય દરમ્યાન જ માલસામાન લોડ કરીને લઈ જવાનો રહેશે.

14. જે ટેન્ડરરનો ભાવ મંજૂર થાય અને જાણ કરવામાં આવે એટલે કે વર્ક ઓડર મળ્યા બાદ 3 (ત્રણ) દિવસમાં પુરેપુરી રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ જમા કરાવવાનો રહેશે.તેમજ જે તે સરકારી કચેરીમા GST જમા કરાવી તેની રસીદ યુનિ. માં આપવા ની રહેશે. જો તેમ કરવામાં કસુર થશે તો ભાવ રદબાતલ ગણવામાં આવશે અને અર્નેસ્ટ મની ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

15. માલસામાનની રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ જમા કરાવ્યા બાદ તેમજ GST ભર્યા બાદ 3(ત્રણ) દિવસમાં તમામ માલસામાન ટેન્ડરરના ખર્ચે અને જોખમે ઉપાડી લેવાનો રહેશે. એટલે કે ઓર્ડર મળ્યાથી કુલ છ વર્કિંગ દિવસમાં ( વર્કઓડર મળ્યા બાદ ૩ દિવસ લોટ ની રકમ તથા GST ભરવા માટે તથા 3 દિવસ માલ સામાન ઉપાડવા માટે ) લોટમાં રહેલ તમામ માલસામાન ઉપાડી લેવાનો રહેશે. જો આ સમય કરતા વધુ સમય થશે તો વિલંબિત દિવસના પ્રતિ દિવસ રૂ. 2,500/- અંકે રૂપિયા બે હજાર પાંચસો મુજબ પેનલ્ટી વસુલ કરવામાં આવશે.

16. માલસામાન ઉપાડતી વખતે સંસ્થાની માલમિલ્કતને કોઈપણ પ્રકારનું નુકસાન થશે તો નુકસાની પેટેની રકમ EMDની રકમમાંથી વસુલ કરવામાં આવશે.

17. સરકારી નિયમાનુસાર જે તે તમામ ચુકવવા પાત્ર વેરા (GST) જે તે સરકારી વિભાગમાં જમા કરાવવાની જવાબદારી ટેન્ડરરની રહેશે.

18. E-Wasteના નિકાલ વખતે પાસબુકમાં એન્ટ્રી કરાવી સહી સિક્કા કરાવી તેની નકલ યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે. રાજ્ય સરકાર તથા કેદ્ર સરકાર ના પ્રવર્તમાન ધારાધોરણો મુજબ E-Waste નો નિકાલ કરવાનો રેહશે. તેમજ E-Waste રિસાયકલ કર્યા બાદ તે અંગેનું સર્ટિફિકેટ યુનિવર્સિટીમાં જમા કરાવવાનું રહેશે ત્યારબાદ જ ડીપોઝીટની રકમ પરત કરવા માં આવશે.

19. માલસામાન સંપૂર્ણપણે ઉપાડ્યા બાદ તે સ્થળે રહેલે ભંગારના કચરાની સફાઇ ટેન્ડરરે કરાવવાની રહેશે ત્યારબાદ જ તેઓની ડિપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

20. કોઈપણ ભાવ કે તમામ ભાવ મંજૂર કરવાના કે રદ કરવાના તમામ હક, યુનિવર્સિટીના કુલપતિશ્રીના રહેશે. જેના માટે કોઈપણ પ્રકારના કારણો દર્શાવવામાં આવશે નહી.

21. જે ઈજારદારશ્રી ટેન્ડર ભરવા ઈચ્છતા હોય તેઓશ્રીએ સીલબંધ કવરમાં ટેન્ડર ફી, EMD નો ડ્રાફ્ટ, ભાવપત્રક, ટેન્ડરની શરતો સ્વીકાર્ય છે તેમ સહી સિક્કા સાથેનાં ડોક્યુમેંટ અને તેઓનો ધંધો પ્રોપરાઈટર, પાર્ટનરશિપ છે કે કંપની છે તેનો આધાર પુરાવો અને ધંધાના સ્થળનું સરનામુ આપવાનું રહેશે.

22. ઉપરોક્ત તમામ શરતો મે વાંચી છે સમજયો છું અને તે મને માન્ય છે. તેવી હું બાહેધરી આપું છું.

ટેન્ડરરની સહી:- .........................................

સિક્કો:- .....................................................

મોબાઈલ નંબર:- ........................................

નામ:- ........................................................

સરનામું:- ..................................................

આ સાથે સામેલ તમામ શરતોને માન્ય રાખીને આપની સંસ્થા ખાતે રહેલ વેચાણમાં મુકેલ જુના કોમ્પ્યુટર, પ્રિન્ટર તથા અન્ય બિનઉપયોગી માલસામાન જેમ છે તે હાલતમાં મેળવવા માટેના મારા ઓફર ભાવ નીચે મુજબ છે જે ધ્યાને લેવા વિનંતી છે.

| Lot No. | Lotમાં રહેલ સાધન સામગ્રી | Lotનું લોકેશન | હયાત જથ્થા મુજબની કુલ કિંમત રૂ. |
|---|---|---|---|
| A | કોમ્પ્યુટર, પ્રિન્ટર વગેરે | વર્કશોપ વિભાગમાં FF ૫૨ | |

ટેન્ડરરની સહી:- ........................................

સિક્કો:- ....................................................

મોબાઈલ નંબર:- ......................................

નામ:- ......................................................

સરનામું:- ..............................................